Mirror of Real Estate

Volume 3 - Edition : May-Jun - 2019 100/-

# Built India




## South Bopal

Call for More Details :7359413480 www.builtindia.in,sales@builtindia.in

# VISHWANATH BUILDERS

Corporate Office: 17, ND Avenue, Opp. Club O7, Off S.P. Ring Road, Shela, Ahmedabad 380 058, INDIA.

+91 909 909 4216 info@vishwanathbuilders.com www.vishwanathbuilders.com



VISHWANATH

## SARATHYA

CHARIOTEERS OF YOUR DREAMS

**3 BHK APARTMENTS**

Site: 10, ND Avenue, Opposite Club O7, Off S.P. Ring Road, Shela, Ahmedabad 380 058, INDIA.

SPACE
WITH AN ABILITY

VISHWANATH

## NORTHVIEW

SHOWROOMS & OFFICES



Site: Opposite L.D. College, Gujarat University Road, Navrangpura, Ahmedabad 380 009, INDIA.

+91 98250 29781

# વિશ્વનાથ બિલ્ડર્સ આગામી સમયમાં શેલામાં, નિર્માણ કરશે ૪000 ફ્લેટ



**સ્વાગત વ્યાસ**
મેનેજિંગ ડીરેક્ટર, વિશ્વનાથ બિલ્ડર્સ

અમદાવાદના પ્રૉપર્ટી માર્કેટમાં વિશ્વનાથ બિલ્ડર્સ એક વિશ્વસનીય અને નામાંકિત બિલ્ડર ગ્રુપ છે.ગુણવત્તા, પ્રામાણિકતા અને પ્રતિબદ્ધતાના મૂળભૂત સિદ્ધાંતો પર આધારિત ૧૯૯૬માં, આ ગ્રુપની સ્થાપના હિતેશ વ્યાસે કરી અને ગ્રાહકોને બેસ્ટ મકાનો આપવામાં સફળ રહ્યા. હંમેશા કામમાં સમયબદ્ધતા,ગુણવત્તા,સાવચેતીયુક્ત ચોક્સાઈ જેવા ગુણો આ ગ્રુપનો સિદ્ધાંત છે. વિશ્વનાથ બિલ્ડર્સના એમ.ડી.સ્વાગત વ્યાસ જણાવે છેકે, શેલા ટી.પી.ને ડેવલપ કરવામાં વિશ્વનાથ ગ્રુપનો ફાળો અગ્રીમ રહ્યો છે.તે સમયે અમે શેલામાં પ્રથમ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો.બાદમાં અન્ય ડેવલપર્સ પણ આવ્યા.

વિશ્વનાથ બિલ્ડર ગ્રુપે અમદાવાદમાં ૪૦ લાખ ચો.સ્કવેર ફૂટથી વધુ બાંધકામ કર્યું છે. ૩ હજાર કરતાં પણ વધારે પરિવારોને આવાસની ચાવી સુપ્રત કરીને તેમનાં સ્વપ્નો સાકાર કર્યાં છે. વિશ્વનાથ બિલ્ડર ગ્રુપે શરણમ્ પ્રોજેક્ટથી શ્રીગણેશ કર્યાં હતા અને આજે,આ ગ્રુપ સેટેલાઈટ,બોપલ, શેલામાં રેસિડેન્શિયલ પ્રોજક્ટમાં ધૂમ મચાવી રહ્યું છે.

બિલ્ટ ઈન્ડિયા મેગેઝિને વિશ્વનાથ બિલ્ડર ગ્રુપના એમ.ડી.સ્વાગત વ્યાસ સાથે મુલાકાત કરી હતી.જેમાં તેમણે જણાવ્યું છેકે,જ્યારે અમદાવાદને ફરતે ૭૬ કિલોમીટરનો સરદાર પટેલ રીંગ રોડ નિર્માણ થઈ રહ્યો હતો ત્યારથી બોપલનો વિકાસ શરુ થઈ ગયો હતો.

બાદમાં,જેમ જેમ બોપલનો વિકાસ થતો ગયો તેમ તેની આસપાસના વિસ્તારોની વસ્તી બોપલ અને સાઉથ બોપલમાં સ્થળાંતરિત થવા લાગી, આજે સાઉથ બોપલ અને શેલાનો વિકાસ જોરશોરમાં થઈ રહ્યો છે.

એસ.પી.રીંગ રોડ ૨૦૦૯માં નિર્માણ થયાની સાથે જ બોપલ ઓવર બ્રીજથી ઘુમા સુધીનો ૧૦૦ મીટરના રોડ પર કમર્શિયલ કોમ્પ્લેક્ષો,હોસ્પિટલ અને અન્ય નિર્માણો શરુ થઈ ગયા હતા.

આજે આ રોડ બોપલ- ઘુમા તરીકે ઓળખાય છે. જોકે, તે સમયે, આ રોડ શરણમ્ રોડ તરીકે જાણીતો હતો.આ રોડનો ડેવલપમેન્ટ સંપૂર્ણ થતાં,તેની બાજુમાં જીમખાના રોડનો ડેવલપ શરૂ થયો અને સાઉથ બોપલના રીયલ એસ્ટેટના વિકાસની લકીર બની ગયો. આ રીતે ૨૦૦૯-૨૦૧૩ સુધીમાં બોપલ અને સાઉથ બોપલનો વિકાસ સારો થયો તે દરમિયાન ત્યાંની જમીનની કિંમતો આસમાને પહોંચી ગઈ.અને મોટા ડેવલપર્સે જમીન ખરીદવાની શરૂઆથ કરી અને સાઉથ બોપલના વિકાસમાં ચાર ચાંદ લાગી ગયા.




એસ.પી. રીંગ રોડ બહાર જો કોઈ વિસ્તારનો વિકાસ થયો હોય તો તે સાઉથ બોપલનો થયો છે. કારણ કે,સાઉથ બોપલ રીંગને અડીને છે. શેલા, ઘુમા, શીલજ અને આંબલી આ તમામ વિસ્તારોથી ઘરાયેલો વિસ્તાર છે તેનો લાભ પણ તેને મળી રહ્યો છે. જોકે, શેલા, ઘુમા, શીલજમાં રાજ્ય સરકાર અલગ અલગ હેતુસર વિવિધ પ્રકારના ઝોન જાહેર કર્યા છે.સાથે સાથે લેન્ડ કોસ્ટિંગ બોપલની તુલનામાં ઊંચી હોવાને લીધે,ત્યાં રેસિડેન્શિયલ પ્રોજેક્ટ મીડલ અને અપર મીડલ ક્લાસ માટે મકાન મળવાં અઘરાં છે.પરિણામે,સાઉથ બોપલમાં આ વર્ગના માટે મકાન મળી રહે છે.એક અંદાજ મુજબ, બોપલ અને સાઉથ બોપલમાં **2 bhk** અને **3 bhk** મકાનો અનુક્રમે ૪૫ લાખથી ૬૫ લાખ સુધી મળી રહે છે.જોકે, કેટલાક ડેવલપર ગ્રુપમાં આ રેટ શક્ય ન પણ બને, કારણે, કંસ્ટ્રક્શન ક્વોલીટી અને તેની ડીઝાઈન પર રેટ આધાર રાખે છે.

આ વિસ્તારમાં કોઈ એક જ્ઞાતિનો પ્રભાવ નથી,જેથી તમામ જ્ઞાતિઓ અને મરાઠી,ઓડીયન, યુપી-બિહાર અને સાઉથ ઈન્ડિયન જેવા અનેક પરપ્રાંતિય લોકો અહીં વસે, કોર્પોરેટ કલ્ચર પણ આ વિસ્તારમાં વધારે છે.આ રીતે આખો બોપલ વિસ્તાર કોસ્મોપોલીટન એરિયા છે. જેથી,આવનારા સમયમાં વિશ્વનાથ બિલ્ડર ગ્રુપ શેલામાં ૪૦૦૦ જેટલા ફ્લેટ નિર્માણ કરશે.

VISHWANATH BUILDERS